# 'ટીમ ગુજરાત' નાઉ ટર્ન ટુ 'ટીમ ઈન્ડિયા' ૨૪ ઓફિસરો મોદી ટીમમાં ફરજ પર છે

## નવી દિલ્હીમાં ગુજરાતી ઓફિસરોનો ભારે દબદબો : હજી ત્રણ-ચાર ઓફિસરો મોદી સાથે જોડાવા આતુર : આઈપીએસ ઓફિસરો પણ લાઈનમાં

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર, તા.૨૬

ગુજરાત સરકારમાં ૧૩ વર્ષ પૂર્ણ કરીને ૨૦૧૪માં ભારતના પ્રાઈમ મિનિસ્ટર બનેલા નરેન્દ્ર મોદીએ તેમની પીએમ ઓફિસમાં તેમજ કેન્દ્ર સરકારના મહત્વના વિભાગોમાં ગુજરાતી ઓફિસરોની નિયુકિત કરીને ટીમ ગુજરાતને ટીમ ઈન્ડિયામાં ફેરવી નાંખી છે. શાસનના એક વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે હાલની સ્થિતિએ ગુજરાતમાં ફરજ બજાવી ચૂકેલા ૨૪થી વધુ ગુજરાતી કેડરના ઓફિસરો નવી દિલ્હીમાં પ્રાઈમ પોસ્ટિંગ ભોગવી રહ્યા છે.

તાજેતરમાં ભારત સરકારે ગુજરાતના ભૂતપૂર્વ ચીફ સેક્રેટરી અચલ કુમાર જોતિની નિયુક્તિ ઈલેકશન કમિશનર તરીકે કરી છે. તેઓ ૨૦૧૦ થી ૨૦૧૩ સુધી ગુજરાતના ચીફ મિનિસ્ટર રહી ચૂક્યા હતા અને તેમની નિમણૂક ગુજરાત વિઝિલન્સ કમિશનર તરીકે કરવામાં આવી હતી. તેમના ઈલેકશન કમિશનરના કાર્યકાળ દરમ્યાન બિહાર, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, પંજાબ, કેરાલા, તામિલનાડુ, ઉત્તારાખંડ, ગુજરાત સહિતના ૧૩ રાજયોની વિધાનસભાની ચૂંટણી આવી રહી છે.

૧૯૮૫ બેચના ગુજરાત કેડરના બીજા એક ઓફિસર ગિરીશચંન્દ્ર મુર્મુ તો મોદી અને અમિત શાહના ખાસ છે. તેમની નિયુક્તિ ડિપાર્ટમેન્ટ ઓફ એક્સપેન્ડિચરમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે પણ હમણાં જ થઈ છે. તેવી જ રીતે રાજકુમાર કે જેઓ ૧૯૮૭ બેચના ઓફિસર છે તેમની નિયુક્તિ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેર્સમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે કરવામાં આવી છે. ૧૯૮૭ બેચના ઓફિસર આર. પી. ગુપ્તા કોલ સેક્રેટરી છે.

પ્રાઈમ મિનિસ્ટર ઓફિસરમાં ૧૯૭૨ની કેડરના આઈએએસ ઓફિસર પી. કે. મિશ્રા એડિશનલ પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. ૧૯૮૮ બેચના બીજા ઓફિસર અરવિંદ કુમાર શર્મા પીએમઓ માં હાલ જોઈન્ટ સેક્રેટરી છે. તેઓ મોદીના ખૂબ વિશ્વાસુ છે. પીએમ ના પ્રાઈવેટ સેક્રેટરી તરીકે ૧૯૯૬ બેચના આઈએએસ ઓફિસર રાજીવ ટોપનો છે. પીએમઓ માં પબ્લિ રિલેશન ઓફિસર તરીકે જગદીશ ઠક્કર પણ મોદીના ખાસ ઓફિસર છે. તેઓ મોદી સાથે ૧૪ વર્ષથી સંકળાયેલા છે.

પ્રાઈમ મિનિસ્ટરની સાથે સ્પેશ્યલ ડ્યુટીમાં હિરેન જોષી, હેમાંગ દેસાઈ, પ્રતિક દોશી, સંજય ભાવસાર, તન્મય મહેતા, ઓ.પી. સિંઘ, દિનેશ ઠાકુર જેવા વફાદારો કીરોલ ભજવે છે. ગુજરાત સરકારના રેસિડેન્ટ કમિશનર તરીકે ફરજ બજાવતા આઈએફએસ ઓફિસર ભરતલાલ પણ પ્રાઈમ મિનિસ્ટર ઓફિસમાં મહત્વનો રોલ અદા કરી રહ્યા

● અનુસંધાન પાન-૭ પર



સ્ટ્રોમ વૉટર પાઈપ લાઈન - ગ-માર્ગ પર વરસાદી પાણીના નિકાલ માટેના નેટવર્ક અન્વયે પાઈપ લાઈનનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે... ચોમાસાની શરૂઆત થાય અને પાણી ભરાવાની બૂમરાણ મચે એ પહેલા સ્ટ્રોમ વૉટર પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ કરવા તંત્ર એડીચેટીનું જોર લગાવી રહ્યું છે. (તસવીર : દિપક જાની)

# આકરી ગરમીમાં નવા સેકટરોમાં પાણીનો પોકાર

## સે-૨ અને ૩ માં ફોર્સથી પાણી ન આવતું હોવાનો રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૨૬

શહેરના જુના સેકટરોમાં આકરી ગરમીના દિવસોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. સેકટર ૨ અને સેકટર ૩માં ફોર્સથી પાણી ન આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ સેકટરોમાં પાણીની સમસ્યા હલ થઈ ગઈ છે.પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતું હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં ઉનાળો આકરો બનતા શહેરમાં પાણીની જરૂરિયાત પણ વધી છે. જયારે પાણીની જરૂરિયાત સામે પાણીનો બગાડ પણ વધતા આમ નાગરિકોમાં પાણીના ઉપયોગ સંદર્ભે સજાગતા કેળવાય તે પણ અનિવાર્ય બન્યું છે.અગાઉના વર્ષો દરમિયાન પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ શહેરમાં પાણીની તંગીનો પ્રશ્ન હલ થયો છે. અલબત્ત સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી પુરવઠો આપવામાં આવતો હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહયો છે. એકબાજુ ગરમીનો પારો નીચે ઉતરવાનું નામ નથી લેતો ત્યારે સેકટરોમાં પાણીની પોકાર પણ ઉઠવા પામી છે. સેકટરોમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે.બીજીતરફ આકરી ગરમીમાં નવા સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સેકટર ૨ અને સેકટર ૩ માં છેલ્લા બે ત્રણ દિવસથી પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સવારે સપ્લાય વેળાએ ફોર્સથી પાણી ન આવતું નથી જના પરિણામે સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો છે. શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા રોજ ૫૫ એમ એલ ડી થી વધુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે નવી વિતરણ વ્યવસ્થા બાદ સેકટરોમાં પાણી ફોર્સથી સપ્લાય થતું હોવાનો દાવા પણ તંત્રકક્ષાએથી કરવામાં આવી રહયો છે. આવા સંજોગોમાં પાણીની સમસ્યા માટે થતો બગાડ પણ જવાબદાર હોવાનું મનાઈ રહયુંછે.નવ વિકસિત સેકટરોમાં ફોર્સથી પાણી આપવા માટે તંત્ર દ્વારા જરૂરી પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# આજે મનપાના મિથેન ગેસ ઉત્પાદન પ્લાન્ટનું ભૂમિપૂજન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિથેન ગેસ ઉત્પાદન કરવાના પ્રોજેકટનું આજે મેયર શ્રીમતિ હંસાબેન મોદી અને ડે. મેયર કાર્તિક પટેલ, સ્થાયી સમિતિના ચેરમેન રાકેશ પટેલ તેમજ મનપાના પદાધિકારીઓના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવશે.

રૂ. ૧૦ લાખના ખર્ચે આ પ્રોજેક્ટ જેડાના સહયોગ સાથે હાથ ધરવામાં આવી રહ્યો છે. કચરામાંથી કંચન પ્રોજેક્ટસ્ અંતર્ગત આખો પ્રોજેક્ટ મ્યુનિ. કમિશનર શ્રી જી.આર. ચૌધરીએ અંગત રસ દાખવી અમલી બનાવવા સુધી પહોંચાડ્યો છે.

આ પ્રોજેક્ટ દ્વારા ૮૬ ઘનમીટર જેટલો મિથેન ગેસ ઉપલબ્ધ બનશે તેવુ મનાઈ રહ્યું છે.

આજે સવારે ૯ વાગે આ ભૂમિપૂજનનું આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રોજેક્ટ ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટના અમલીકરણમાંથી બહાર આવ્યો છે. સે. ૩૦માં મુક્તિધામ નજીક આ પ્રોજેક્ટનું ભૂમિપૂજન થશે.

● અનુસંધાન પાન-૭ પર

# અડવાણીના કાર્યાલય પર કોંગી કાર્યકરોના દેખાવો ને ધરણા

## કોંગી ધારાસભ્ય કામિનીબા રાઠોડ અને એક મહિલા કાર્યકર બેભાન થતાં હોસ્પિટલ ખસેડાયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાંસદશ્રી લાલકૃષ્ણ અડવાણીની નિષ્ક્રીયતા સામે વિરોધ કરવા તેમજ તેમે ઘેરાવ કરવાના કોંગ્રેસ પક્ષે આપેલા એલાનને પગલે આજે ખાનપુર ખાતે દેખાવો યોજાયા હતા. આ દેખાવો દરમિયાન દહેગામના ધારાસભ્ય કામીની બા રાઠોડ અને અમદાવાદ શહેરની એક મહિલા કાર્યકર્તા બેભાન બની જતાં તેમને સારવાર માટે વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિત એક અખબારી યાદીમાં જણાવે છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની સૂચના અનુસાર ભાજપની કેન્દ્ર સરકારે હવે એક વર્ષ પૂર્ણ કરેલ છે ત્યારે તેમના અણઘડ વહિવટથી જનતાને થયેલ નુકશાન તેમજ તેમને આપેલા જુઠા વચનો પૂર્ણ કરવામાં મળેલ નિષ્ફળતા ને જોતા તેમના વાયદાઓની ઉઘરાણી કરવાનું અને



નિષ્ફળતાનું તહોમતનામું મુકવાનો કાર્યક્રમ યોજી ગાંધીનગર મત વિસ્તારના સંસદ સભ્ય શ્રી એલ.કે. અડવાણીની ખાનપુર ભાજપ કાર્યાલય ખાતે ઘેરાવવાનો કાર્યક્રમ પ્રમુખશ્રી મુકેશ પટેલ અને માણસાના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચૌધરી, દહેગામના ધારાસભ્ય શ્રીમતી કામિનીબેન રાઠોડ તથા મહિલા કોંગ્રેસના પ્રેમબા હાડા અને પક્ષના નેતા શ્રી ચિમનભાઈ વિઝુંડાની આગેવાની હેઠળ તા. ૨૬-૫-૨૦૧૫ને મંગળવાર સવારે ૧૧-૦૦ કલાકે સંસદ સભ્યની ઓફિસ ખાતે રેલી

● અનુસંધાન પાન-૭ પર









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com